# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક: આરતી ભટ્ટ

## કમ્પ્યુટરાઈઝ : પલક પટેલ

**તારીખ : ૦૭-૦૬-૨૦૨૪ શુક્રવાર સમય : સાંજે ૬:25 કલાકે**

---

## સીબીડીટી-આવકવેરા રીટર્ન ચકાસણી:

કેન્દ્રીય પ્રત્યક્ષ કરવેરા બોર્ડ (CBDT)એ નાણાકીય વર્ષ 2024-25 માટેનાં નિયમો બનાવ્યા છે, જે અંતર્ગત તમામ કરદાતાઓનાં આવકવેરા રિટર્નની ફરજિયાત ચકાસણી કરવામાં આવશે.

બોર્ડનાં જણાવ્યા પ્રમાણે સૂચનાનું પાલન નહીં કરનારા અધિકારીઓ સામે પગલાં લેવામાં આવશે. રિટર્નમાં સાચી માહિતી નહીં આપનારા પર દંડ ફટકારવામાં આવશે. આવકમાં તફાવત કે મોટા રિફન્ડનો દાવો ધ્યાનમાં આવશે તો તેની ચકાસણી કરીને કસૂરવાર સામે પગલાં લેવાશે. આ ઉપરાંત, ચોખ્ખો નફો અને ચોખ્ખું નુકસાન , વિદેશી વ્યવહારો, ઓપનિંગ સ્ટોક અને ક્લોઝિંગ સ્ટોકની તપાસ કરીને જરૂર પડ્યે કેસ ફરી ખોલવામાં આવશે એમ સીબીડીટીએ જણાવ્યું છે.

- (RNU અમદાવાદ)

---

## જીલ્લામાં ૧૩મી જુન-શાળા શરુ:

જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં નવા શૈક્ષણિક વર્ષથી શરૂઆત 13 મી જૂનથી થશે. કચ્છ સહિત રાજ્યમાં આગામી તારીખ 27 થી 29 જૂન શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે. આ સાથે કન્યા કેળવણી મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું છે. દરમિયાન જીલ્લામાં એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે, સહ્ક્ષર્તાનો દર વધે અને સરહદી છેવાડાના બાળકોને શિક્ષણની સુવિધા મળે તે દિશામાં પ્રયત્નો કરવામાં આવશે તેવું કચ્છ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીની એક યાદીમાં જણાવાયુ છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ભગવદ્ગીતા શિક્ષણ-પુસ્તકમાં પ્રકરણ:

રાજ્યમાં આગામી 13 જૂનથી શાળાઓ ખૂલવાની છે ત્યારે ધોરણ 6, 7 અને 8માં પ્રથમ વાર ભગવત્ ગીતાનું શિક્ષણ આપવામાં આવશે. માધ્યમિક શાળાના ધોરણ 9થી 12માં પણ ગુજરાતી વિષયના પુસ્તકમાં ભગવત ગીતાના પ્રકરણનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ઉપરાંત, શાળા ખૂલવાને અનુલક્ષીને ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ દ્વારા સરકારી શાળાઓમાં પુસ્તકો પહોંચાડવાની કામગીરી પણ કરવામાં આવી છે. જેમાં અત્યાર સુધી પ્રાથમિક શાળામાં 37 હજાર તેમજ માધ્યમિક અને ઉચ્ચરતર માધ્યમિક શાળામાં 6400 પુસ્તકો પહોંચાડવામાં આવ્યા છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## ચેસ સ્પર્ધા-એસ.આર.કે ઇન્સ્ટીટયુટ:

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત એસ.આર.કે. ઇન્સ્ટિટયૂટ-અંજાર અને ચેકમેટ ચેસ એકેડમી-મુંદરા દ્વારા તા. નવમી જુનના પ્રાદેશિક સ્તરની શતરંજ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું છે. સાપેડા એસ.આર.કે. ઈન્સ્ટિટયૂટ ખાતે સવારે નવ વાગ્યાથી શરૂ થનારી આ સ્પર્ધા આંતરરાષ્ટ્રીય નિયમાનુસાર ચાર ગ્રુપમાં અંડર-11, અંડર-14, અંડર-17 તેમજ ઓપન વિભાગમાં ભાઈઓ-બહેનોમાં યોજાશે. વિજેતાને ટ્રોફી તેમજ ભાગ લેનારાઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જળ મંદિર અભિયાન:

ગરમીમાં પશુઓને પાણી મળી રહે તે માટે કચ્છ જલમંદિર અભિયાન કાર્યક્રમ અંતર્ગત રાપર તાલુકાના દેશલપર આસપાસના ડુંગરાળ તથા વન વિસ્તારમાં ખાસ પ્રકારના પાણીના હોજ બનાવવામાં આવ્યા છે. રાપર વિસ્તારના વન વગડામાં વિચરતા વન્ય જીવો , પક્ષીઓ અને અબોલ જીવોને કપરા ઉનાળામા પીવાનું પાણી મળી રહે તે માટે સંસ્થાએ ખાડા કરી તેમાં પ્લાસ્ટિક પાથરી તેમાં ટેન્કર મારફતે પાણી ભરવામાં આવે છે. કચ્છ જલમંદિર અભિયાન કાર્યક્રમ અંતર્ગત આ વર્ષે કચ્છમા 70 થી વધુ તળાવોનું સમારકામ લોકભાગીદારી અને દાતાઓના સહયોગથી પૂર્ણ કરવા કમર કસી રહ્યા છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## જખ મંદિર-માવતરનો મેળો યોજના:

માધાપરના જખ મંદિર ખાતે કચ્છ બહાર વસતા વડીલો માટે “માવતરનો મેળો” યોજના અંતર્ગત કાર્યક્રમ યોજાશે. જેમાં ૨૫૦ થી વધુ વડીલો આ ૧૫ દિવસીય કાર્યક્રમનો લાભ લેશે. આ કાર્યક્રમમાં વડીલોને રમત ગમત, યોગ, પ્રવાસ ઉપરાંત આવાસ અને ભોજન સહિતની પ્રવૃત્તિ ટોકન ચાર્જ લઇ કરાવવામાં આવશે. માધાપર જખ મંદિરના અથીતી ગૃહ ખાતે કચ્છ

બહાર વસતા કચ્છી જૈન પરિવારના ૬૦ વર્ષથી ઉપરના વડીલો માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---

## યુગાન્ડા ક્રિકેટ ટીમ-કચ્છી ખેલાડી:

દુનિયા બહારના ક્રિકેટ પ્રેમીઓની નજર હાલમાં આયોજિત આંતર્રાષ્ટ્રીય ટી૨૦ વર્લ્ડ કપ પર છે જેમાં ૨૦ ટીમ વચ્ચે વિશ્વ વિજેતા બનવા માટે જંગ ખેલાશે. જેમાં યુગાન્ડાની ટીમમાં કચ્છની પ્રતિભાઓ પણ જોવા મળી રહી છે. એસોસીએટ દેશોમાં મજબુત ગણાતી યુગાન્ડાની ટીમ વતી કચ્છના બે કડવા પાટીદાર ક્રિકેટરો દિનેશ નાકરાણી અને અલ્પેશ રામજીયાણી રમી રહ્યા છે. આ બંને યુગાન્ડાની ટીમના ચાવીરૂપ ખેલાડી છે.

- (સ્થાનિક સમાચારપત્ર)

---